અંત્યોદય અન્ન યોજના, બી.પી.એલ. યોજના તથા એ.પી.એલ. યોજના હેઠળ અનાજની પડતર કિંમત નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ–૧૦૯૭–૨૯૨૫–ભાગ–૩–ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૫–૧૦–૨૦૧૦.

વંચાણે લીધા :

(૧) વિભાગનો તા. ૨૨–૧–૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક : પીડીએસ–૧૦૨૦૦૧–૫૯–ક.

(૨) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડની થા.૩૧–૫–૨૦૧૦ની દરખાસ્ત.

આ મુ ખ :

ઉકત વંચાણે લીધેલ સંદર્ભ–૧ ના ઠરાવથી અંત્યોદય અન્ન યોજના માટે ઘઉં, ચોખાની પડતર કિંમત નકકી કરવામાં આવેલ હતી, તે જ ધોરણે બી.પી.એલ.યોજનામાં પડતર કિંમતની ગણત્રી કરવામાં આવતી હતી. ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડે ઉકત સંદર્ભ–૨ ના પત્રથી અંત્યોદય અન્ન યોજના, બી.પી.એલ.યોજના અને એ.પી.એલ. યોજના માટે પડતર કિંમત નકકી કરવા દરખાસ્ત કરેલ છે. દરખાસ્ત મુજબ ટ્રાન્સપોર્ટ ખર્ચ, નિગમનો વહીવટી ખર્ચ અને લેબરના કારણે અનાજની પડતર કિંમત ઉંચી જવા પામેલ છે. વધુમાં વિભાગના તારીખ.૨૫–૧૦–૨૦૧૦ ના ઠરાવથી વાજબી ભાવની દુકાનના સંચાલકના કમિશનમાં વધારો કરવામાં આવેલ છે. આથી ત્રણેય યોજનાં માટે ઘઉં, ચોખાની પડતર કિંમત નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

૧. ઉકત આમુખની વિગતો ધ્યાને લઈ અંત્યોદય અન્ન યોજના, બી.પી.એલ. યોજના અને એ.પી.એલ.યોજના માટે ઘઉં, ચોખાની પડતર કિંમત નીચે દર્શાવેલ વિગતે (કોલમ(૪) મુજબ) મંજુર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અંત્યોદય અન્ન યોજના :–

| અનાજનો પ્રકાર | હાલની પડતર કિંમત (પ્રતિ કિલો) રૂ.પૈસા | વિતરણ ભાવ (પ્રતિ કિલો) રૂ.પૈસા | મંજુર કરવાપાત્ર પડતર કિંમત (પ્રતિ કિલો) રૂ.પૈસા | કોલમ–૩ અને ૪ વચ્ચે તફાવતની રકમ (પ્રતિ કિલો) રૂ.પૈસા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ઘઉં | ૨–૮૮ | ૨–૦૦ | ૩–૦૦ | ૧–૦૦ |
| ચોખા | ૪–૦૧ | ૩–૦૦ | ૪–૦૬ | ૧–૦૬ |

–૨–

(૨) બી.પી.એલ. યોજના :–

| અનાજનો પ્રકાર | હાલની પડતર કિંમત (પ્રતિ કિલો) રૂ.પૈસા | વિતરણ ભાવ (પ્રતિ કિલો) રૂ.પૈસા | મંજુર કરવાપાત્ર પડતર કિંમત (પ્રતિ કિલો) રૂ.પૈસા | કોલમ–૩ અને ૪ વચ્ચે તફાવતની રકમ (પ્રતિ કિલો) રૂ.પૈસા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ઘઉં | ૫–૦૪ | ૨–૦૦ | ૫–૩૪ | ૩–૩૪ |
| ચોખા | ૬–૬૪ | ૩–૦૦ | ૬–૯૭ | ૩–૯૭ |

(૩) એ.પી.એલ. યોજના.

| અનાજનો પ્રકાર | હાલની પડતર કિંમત (પ્રતિ કિલો) રૂ.પૈસા. | સૂચિત પડતર કિંમત (પ્રતિ કિલો) રૂ.પૈસા |
|---|---|---|
| ઘઉં | ૭–૩૫ | ૭–૫૦ |

૨. બી.પી.એલ.કુટુંબોને ખાસ કેટેગરી હેઠળ ઘઉં અને ચોખાનું છુટક વિતરણ કરવામાં આવે છે તેથી ઉપર પારા–૧(૨) મુજબ ઘઉં અને ચોખાની પડતર કિંમતમાં વધારો થતાં અનુક્રમે પ્રતિ કિલો રૂ.૫–૪૦ અને રૂ.૭–૦૦ ના છુટક ભાવે વિતરણ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડે અંત્યોદય અન્ન યોજના, બી.પી.એલ. યોજનામાં ઘઉં, ચોખાની પડતર કિંમતના આધારે સબસીડીની રકમ (કોલમ (૫) મુજબ) મેળવવા માટે બીલો નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરને રજુ કરવાના રહેશે.

૪. આ ઠરાવનો અમલ તારીખ. ૧–૧૧–૨૦૧૦ થી કરવાનો રહેશે, અને બીજા હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તારીખ. ૮–૯–૨૦૧૦ ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મુકેશ મોદી )
નાયબ સચિવ,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ.
ગુજરાત સરકાર.

–૩–

પ્રતિ,

(૧) માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માનનીય મંત્રીશ્રી (અન્ન, ના.પુ.) સચિવાલય, ગાંધીનગર.
(૪) સર્વે માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન.સંસદીય સચિવશ્રી (અન્ન,ના.પુ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
(૬) સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૭) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર.જરુરી કાર્યવાહી માટે.
(૮) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ, ગાંધીનગર.
(૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૧૧) તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૧૨) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
(૧૩) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
(૧૪) અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ.
(૧૫) સર્વે મામલતદારશ્રીઓ. (જુનુ અન્ન ભારકન ૧૦ નકલો સાથે)
(૧૬) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.
(૧૭) નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.
(૧૮) સીલેકટ ફાઈલ.